GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.-૨૭૩૩ તા.૨૯/૦૫/૨૪

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી,
તમામ શાળા
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

વિષય:- માહે એપ્રિલ-૨૦૨૪ થી જુન-૨૦૨૪ ની સ્વચ્છતા ગ્રાંટ ફાળવવા બાબત.

સંદર્ભ: (૧) પ્રાશિનિ/ચ-૧/ઈડીએન-૩.૨/નગર/૨૪-૨૫/૧૬૨૬-૧૬૮૯, તા.૨૨/૦૪/૨૦૨૪

(૨) કચેરીનાં પત્ર નં ૯૨૮૫ તા.૨૩/૧૦/૨૦૨૩

જત ઉપરોકત વિષય તથા સંદર્ભ (૧) ના અનુસંધાનમાં જણાવવાનું કે, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનાં પત્ર મુજબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ માટે રાજ્ય સરકાર તરફથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શાળા સંકુલની સ્વચ્છતાની જાળવણી માટે ધો-૧ થી ૮ ની તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા આધારિત શાળાદીઠ માસિક સહાય આપવાનું ઠરાવવામાંઆવ્યુ છે. જે અનુસાર બિન આદિજાતિ વિસ્તાર હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કુલ ૩૬૦ શાળાઓ માટે માહે **એપ્રિલ-૨૦૨૪ થી જુન-૨૦૨૪** સુધીનાં સમયગાળા માટે રૂ. રૂ. ૪૧,૦૭,૦૦૦/- (એક્તાળીશ લાખ સાત હજાર પુરા) ની રકમ તા. ૨૯/૦૪/૨૦૨૪ ના રિપોર્ટ મુજબ ૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ નીચેની શરતોને આધીન પત્રકમાં દર્શાવ્યા મુજબની શાળાઓ માટે જરૂરી રકમ ફાળવવામાં આવેલ છે.

**સ્વચ્છતા ગ્રાન્ટ ફાળવ્યેથી સફાઈ કન્ટીજન્સી બંધ કરવામાં આવશે. તથા આ ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો ઉપયોગ સંદર્ભ (૨) મુજબ સફાઈ કન્ટીજન્સી માટે તથા જરૂર પડ્યેથી નીચે જણાવેલ સામગ્રી માટે કરવાનો રહેશે.**

| ક્રમ | વિગત | શાળા સંખ્યા | એક માસનાંચુકવવાનાં દર | કુલ માસ (સપ્ટેમ્બર – ૨૦૨૩ થી ફેબ્રુઆરી-૨૦૨૪) | ચુકવવાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | વિ.સંખ્યા ૦ થી ૧૦૦ વાળી શાળાની સંખ્યા | ૨૦ | ૧૦૦૦/- | ૧૨૦૦૦૦ | ૨૦ |
| ૨ | વિ.સંખ્યા ૧૦૧ થી ૩૦૦ વાળી શાળાની સંખ્યા | ૮૦ | ૧૮૦૦/- | ૮૬૪૦૦૦ | ૮૦ |
| ૩ | વિ.સંખ્યા ૩૦૧ થી ૫૦૦ વાળી શાળાની સંખ્યા | ૯૫ | ૪૦૦૦/- | ૨૨૮૦૦૦૦ | ૯૫ |
| ૪ | વિ.સંખ્યા ૫૦૧ થી વધારે વાળી શાળાની સંખ્યા | ૧૬૫ | ૫૦૦૦/- | ૪૯૫૦૦૦૦ | ૧૬૫ |
| | | ૩૬૦ | | ૮૨૧૪૦૦૦ | ૩૬૦ |

શરતો:-

૧. આ યોજના હેઠળ નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં શાળા સ્વચ્છતાં સંકુલની સ્વચ્છતાંની જાળવણી માટે ધોરણ-૧ થી ૮ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા દીઠ **એપ્રિલ-૨૦૨૪ થી જુન-૨૦૨૪** માટે ૩૨૭ પ્રાથમિક શાળાઓમાં નીચે દર્શાવેલ સ્વચ્છતાં વિષયક સાધન સામગ્રી માટે જ ખર્ચ કરવાનો રહેશે. તેમજ સંકુલની સાફ સફાઇ માટે માણસ રોકી, મહેનતાણું આપી સાફસફાઇ કરાવવાનું રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. એસીડ | ૨. ફિનાઇલ | ૩. કપુરની ગોળી. | ૪. સાવરણી/સાવરણો |
| ૫. ડોલ | ૬. નાની ડોલ | ૭. સેનીટેશન યુનિટ સ્વચ્છતાં માટેનું બ્રશ. | |

તેમજ આ અંગેની ગ્રાન્ટ ઉકત સાધન સામગ્રી શાળાની જરૂરીયાત અનુસાર ખરીદી કરવા સારૂ જે તે શાળાનાં આચાર્યશ્રીને ફાળવણી કરવાની રહેશે..

૨. યોજના હેઠળ ખરીદ કરવામાં આવે તે સાધનસામગ્રી યોગ્ય ગુણવત્તાવાળી અને સારી બ્રાન્ડની ખરીદવાની રહેશે. તથા આ અંગેની તકેદારી આચાર્યશ્રી / મુખ્ય શિક્ષકશ્રી એ રાખવાની રહેશે. તેમજ સંબધીત કક્ષાએ જરૂરી સુચનાઓ આપવાની રહેશે.

૩. આ અંગેની ખરીદી સરકાર માન્ય પદ્ધતિ અનુસાર સરકાર માન્ય સંસ્થા કે સ્થાનિક વિક્રેતા મારફતે કરવાની રહેશે.

૪. આ ગ્રાન્ટની રકમ જે હેતુ માટે આપવામાં આવી છે. તે હેતુ માટે જ વાપરવાની રહેશે. આ રકમ તાત્કાલિક ઉગવી ખર્ચપત્રક અને પ્રગતિની વિગતો રજુ કરવાની જવાબદારી સંબધિત આચાર્યશ્રી / મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. અને સંદર્ભ-૨ માં જણાવ્યા મુજબ જ કન્ટીજન્સીનો ખર્ચ કરવાનો રહેશે.

ઈ.ચા. શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત.

સવિનય નકલ રવાના:-

૧. ઈ.ચા ઉપશાસનાધિકારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત - જાણ તથા અમલ સારું

૨. તમામ નિરીક્ષક, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત - જાણ તથા અમલ સારું